વટલેલા હિન્દુઓ

યાને

દેવો લઈ ડુબતી દુનીયા.



કિમત રૂ. ૦-૨-૦

છપાવી પ્રસિધ્ધ કરનાર

કવિ શામળભાઈ પુંજાભાઇ.

પ્રસિધ્ધ કરવાનુ ઠેકાણુ નાગરશેરી, સુરત

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીગ
પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી

॥ ॐ ॥

હીંદુમાં ઘટાડો અને આગાખાનીમાં વધારો.

ભાગ પહેલો.

[કવ્વાલી.]

અરેરે હીંદ હીન ભાગી, બને શા જુલ્મ તહારામાં;
ભયંકર ભાવના કીધી, અરે હાય ધર્મ ધારામાં!
તજી સ્વધર્મ હીદુનો, ચહ્યા ચીતે આગાખાની;
બનીને ભ્રષ્ટ વૈરાગી, ગણાવા બાળ અજ્ઞાની!
અરેરે હીદના વાસી, કર્યા સરવેને ઉદાસી;
મેળવી શ્રેષ્ટ સાબાસી, કરાવી જગ્તમાં હાસી!
કુટુંબ જ્ઞાતી દીધા ત્યાગી, થવા માન્યુ છે સહભાગી;
ચહડયું કલંક કુળ દાગી, મૂકી હાય શર્મને આઘી!
ભલે કદી ધર્મ તે માનો, ધર્મ જુઠો કો ના જાણો;
ધરો દ્રઢ એક નીશાનો, મનથી જે સત્ય પરમાણો!
ઘડી એ ધર્મમાં સારૂં, ઘડી એ ધર્મ નઠારૂં;
ભટકે નહીં દ્રઢ મનવાળું, કરે જીવીતને ખારૂં!
ગુણી વિદ્યામા પકાતા, દેશાવરે શ્રેષ્ટ અંકાતા;
ફેરવે પાણી શ્રય અંતા, તેમાં શો દોષ વિધાતા!

પહેલે ધર્મ અર્થ શો ધારો, પાળો પછી ધર્મ જે સારો;
મૂળ વંશાવળી વિચારો, કરો ભલે સત્ય સુધારો !
જુવો શાથી હીંદ હીન ભાગી, રહે બુધ્ધિ બાવન મૈલ આઘી;
આળસ ઈર્ષા લીધી માગી, દીયે મૂળ ધર્મને ત્યાગી !
અરેરે હીંદુ જે હુંતા, ભાળીયે આગાખાની થાતાં,
હીંદુના નામ જે ધરતાં, ખોજા જ્ઞાતીમાં બદલાતા !
દેવાલય આરતી કરતા, ખોજાખાને તેઓ જાતા,
શાસ્ત્રથી લગ્ન જે કરતા, હવે નીકકા તેઓ પઢતાં !
કળા કુદરતની શી ન્યારી, બને એકમાં દ્વી અવતારી;
ખુવે છે જીંદગી સારી, બચાવો ક્રીશ્ન મુરારી !
સુણો બધુ હીંદ વસનારા, સુજ્ઞ વિદેશે ફરનારા;
બનો પર હીત કરનારા, વળી બનજો મદદગારા !
રાજ્ય બ્રિટિશ સુખકારી, કરી છે શાંન્તિ બહુ સારી;
અમર રહો રાજ્ય સરકારી, આશિષ દો નર અને નારી !
બનો સૌ બંધુ સુજ્ઞાની, રહો વળી ધર્મ અભીમાની;
તજો અંતરની અજ્ઞાની, " શામ " સુ વાકય પરમાણી !

[કર્તા " શામ " કવી.]

॥ ॐ ॥

શૃંગારનો ઝરો યાને ફેશનનો ફુવારો.

ભાગ ૧ લો.

(કવાલી.)

નીકલીયો દેશ જોવાને, વહેમ મુજ દીલનો ખોવાને;
ફરીયો હું દેશ પરદેશે, દુનિયાના રંગ જોવાને!
જોયા સૌ દેશને ભટકી, રહ્યો સુરત આવી અટકી;
શોખથી શહેરમા ફરવા, દુનિયાના રંગ જોવાને!
ચાલીયો શહેરની વાટે, પહોચીયો ચઉટાને ઘાટે;
સ્થીર થઈ ઠામ ત્યાં ઠરવા, દુનિયાના રંગ જોવાને!
દીઠા ત્યાં રંગ નવરંગી, બાળાઓ જાય બહુ રંગી;
મળી જયેમ ઝુંડ બુલબુલનાં, દુનિયાના રંગ જોવાને!
અરેરે હીંદની બાળા, અધર દીસે છે પરવાળા;
ભમર કમાન છે ખેચી, દુનિયાના રંગ જોવાને!
છૂટી શીર વેણી સુવાળી, લટકતી નાગણી કાળી;
ઝૂકી શીર [illegible] ને!

નયંન રસ દોરથી સીંચે, સ્તન બે કેહેરીઓ હીંચે;
બદન છે ગૌર ગુલાબી, દુનિયાના રંગ જોવાને!
બેહેકેલી હસ્તની માલે, કમર લચકાવતી ચાલે,
કટી છે કેશરી જેની, દુનિયાના રંગ જોવાને!
અલંકાર ચમકે હીરાળાં, જડીત્ર છે મોતીયું વાળાં;
પડે પ્રતીબીંબ હીરામાં, દુનિયાના રંગ જોવાને!
ભરે જ્યેમ કેશરી ફાળુ, ઓડેલુ અતી જીણુ શાળુ,
કસીને કાચળી પ્હેરી, દુનિયાના રંગ જોવાને!
સોનેરી કોર ચીટકાવી, દીધા વળી મોતી લટકાવી,
કાચળીયે મોર ટાકયા છે, દુનિયાના રંગ જોવાને!
પાયમા ઝાજરી પહેરી, ચાલી જાય ઝુલતી મેહેરી,
અવાજ બહુ ઘુંઘરી કરતી, દુનિયાના રંગ જોવાને!
કાવ્યરસ "શામ" ના જે છે, અધૂરા આહીંથી રહે છે,
લખાશે ભાગ બીજાયે, દુનિયાના રંગ જોવાને!

[કર્તા "શામ" કવિ.]

॥ ૐ ॥

વાંઢાનો વિલાપ.

અરે આ વિનંતિ વાંઢાની, સાભળવા કૃપા કરજો,
ધરીતે દિલના વિષે, પછી ઈન્સાફને ધરજો !
સુનું ઘરબારને ભાળુ, વિના વનિતા અરે મારૂ,
લાગે સરવસ્ત અકારૂ, રહ્યુ જીવિત તો ખારૂ !
અરેરે બહારથી આવું, પાણી થડા થકી નહાવુ.
બનાવી હાથથી ખાવુ, અરે મુંજાઇને રહેવુ !
બીછાને શયનને કરતો, તરગ જાત જાતના ઘડતો.
સ્વપ્ન આધીન ત્યા બનતો, અલૌકીક રગને જોતો !
સ્વપ્નામા સુદરી આવે, નીદ્રા વિષેથી જગાવે
રીસાયલ જાણી સમજાવે, અમૃત વચનોથી બોલાવે !
ઘડી હુ બોલુ ના કાઇ, કળી નાજુક કરમાઈ.
પ્રેમથી અગ લપટાઈ, દીયે પાણી પાણી બનવાઈ !
સ્વર્ગના સુખને ભાળુ, મુખ દિલદારનુ નિહાળુ
જાગુ ત્યા ફકત અજવાળુ, પડેલુ ચાવીને તાળુ !
પડી બહુ પેટમા ફાળી, નહિ બુલબુલને ભાળી.

જોયુ ઘર સઘળું નિહાળી, રડયો પછી છેડાને વાળી !
જોઈ પરણેલાને ફરતા, આનંદ મનહરણીથી કરતા;
અલૌકીક સુખ ભોગવતા, અરે ભડકા મને બળતા !
પરેણેલા બહારથી આવે, અમૃત વચનોથી બોલાવે;
સ્વાદીષ્ટ થાળ જમાડે, પછી હીચોળે ઝુલાવે !
સ્ત્રી રસ પ્યારમાં ઝુલાવે, શયનની સેજ બીછવાવે;
હૃદયના દુઃખ ભૂલાવે, અમૃત રસ પ્યાલી પીવરાવે !
અરેરે દીકરીવાળા, દયા વાંઢાની કંઇ જાણો;
સુખી વાંઢાઓને કરવા, વિચાર મનની વિષે આણો !
અરેરે પરણેલા ભાયુ, અમો વાંઢાને પરણાવો;
વરઘોડો વાંઢાનો કાડી, લ્હાવો પરણ્યાનો લેવરાવો !
કન્યાના દામ બહુ પડતા, વિના ઝર વાંઢા અથડાતા;
વિલાપ વાંઢા બહુ કરતા, અરે કોઇ કાને ના ધરતા !
સુણી પોકાર વાંઢાનો, કૃપા કન્યાવાળા કરજો;
કન્યાના સુખને ઇચ્છી, ઘટાડો કીમતે ધરજો !
આશિષ એમાં છે વાંઢાની, વળી સાથે છે કન્યાની;
સુચના છે કવિ "શામ"ની, કૃપા રહો સર્વદા રામની !

[કર્તા "શામ" કવિ.]

॥ ॐ ॥

હીંદુમાં ઘટાડો, અને આગાખાનીમાં વધારો.

ભાગ ૩ જો.

(મરશીયા.)

હાય વોય મહા જુલ્મ, સુરતમા વરતાયો,
ઘરો ઘર પર શોક, છે છવાયો રે–હાય
ઉંચ કુળ વળી, જાતી હીંદ વાની,
શ્રેષ્ટ વર્ણ સૌ, શાસ્ત્રમા પ્રમાણી,
બુધ્ધિવંત, અને છે વિદ્વવાની,
છોડી સ્વધર્મ, થયા આગાખાની રે–હાય.
બ્રાહ્મણ બ્રહ્માનુ, રૂપ ગણાઇ,
શાહ પાદશાહથી, શ્રેષ્ટ મનાઈ,
પાટીદાર પણ, ઉત્તમ જણાઇ,
પવિત્ર દેહને, મલીન બનાઈ રે–હાય.
વળી સોની સુતાર, અને દરજી,
લુહાણા ભાટીયા, જ્ઞાતી ઉંચ સરજી,

બનવા ભ્રષ્ટ માટે, સ્વીકારી અરજી,
તજી મંદીર મસીદની, થઈ મરજી રે-હાય.
લુહાર કુંભાર, અને કનસારા,
હીંદુ જ્ઞાતીમાં, વર્ણ જે અઢારા,
દેશ વિદેશે, પંકાતા સારા,
શર્મ શર્મ છે, તમારા સુધારા રે-હાય.
તજી કુટુંબ કુળ ધર્મ ખાનદાની,
બની અંધને, મિથ્યા અભીમાની,
પીધું મુર્ખ થઈ મલેચ્છનું પાણી,
હાય જીંદગી કરી છે ધુળધાણી રે-હાય.
માત તાત ભ્રાત, વાત નહીં માની,
સગાં વહાલાંની, દયા નવ જાણી,
સજ્જન ગૃહસ્થને, દીધા અપમાની,
ધીક ડહાપણ પર, ફેરવ્યું પાણી રે-હાય.
છાડી ચોટલીને, દાઢી પર મોયા,
વર્ષ ઉમર સૌ, ધૂળમાં ખોયા,
હીંદું ધર્મ, કુલાચાર પણ ખોયા,
તમો નામનું, કુટુંબ સૌ રોયા રે-હાય.
ફોડી શર્મ ધર્મ, મર્મ નવ જાણ્યો,

આગાખાની ધર્મ, શ્રેષ્ટ પરમાણ્યો,
બની ઉંચને, વિચાર નીચ આણ્યો,
ધર્યો અવતાર, સમાન એક પાણો રે–હાય.
પરીબ્રહ્મ પરમેશ્વર, ના ગાયા,
નીમાજ પઢવા, મસીદમાં ધાયા,
અભક્ષા ભક્ષથી, ભ્રષ્ટ કરી કાયા,
પહેર્યા ઈજાર આભા, અને સાયા રે–હાય.
રામ નામને, બેઠા પરવારી,
બન્યા બીશમીલ્લાહ, બલીહારી,
સ્ત્રીયે પદવી, બીબીની ધારી,
બન્યા એકના, દ્વી અવતારી રે–હાય.
દીધા સાલ્લા ને, કાચળી ઉતારી,
ઈજાર ઉપર આભા, લીધા પહેરી,
છોડી નામ, શભૂનું સુખકારી,
મૂખે નામ, ઈલ્લાહી પૂકારી રે–હાય.
શું દુનિયા, આ દિસે દીવાની,
ટળી હીદુ થયા આગાખાની,
ખોયુ સરવસ, બની અભીમાની,
છતાં ગણાયા, છો બે ઈમાની રે–હાય.

સગાં કુટુંબી, સરવે ધીક્કારે,
ન્યાત જાતમા, અતી ફીટકારે,
મીત્ર મંડળીમાં, તીરસ્કારે,
નહી ચાહે, આવે કોઈ દ્વારે રે-હાય.
જુવો મુર્ખ, તણી આ કમાણી,
છતે મરદે કઈ, સ્ત્રીયો રંડાણી,
મીયા બીબી થયા, શેઠ શેઠાણી,
હીંદુ ધર્મમા, હોળી પ્રગટાણી રે-હાય.
એક બાજુ મા બાપ, તેનાં રૂવે,
બાળક બૈરી ચોધારા નીર ચુવે,
જ્ઞાતી કુટુંબી, ઉંચુ ના જુવે,
લોક અપવાદથી, સુખ સૌ ખુવે રે-હાય.
ખાય શલેશ બીરીયાની, પાઉ રોટી,
માથે મુંડો, દાઢી રાખે મોટી,
પહેરી ઈજાર, દીધી તજી ધોતી,
અકલ પૂંછડા લગી, નહિ પોહુતી રે-હાય.
નામ નવીન, ધરાવ્યા તાજા
મહમદ અકબર, ગુલામઅલી ઝાઝાં,

મરીયમ ફાતમાં શકીનાં નાજા,
બોલે મુખેથી, યા નબી ખાજા રે-હાય.
દુષ્ટ કામ કર્યું છે, અવીચારી,
નવ માની શીખ, કોઈની મારી,
અનેક પ્રયાસથી, સમજાવ્યા ભારી,
થયા ભ્રષ્ટ હીંદુમા, નર નારી રે-હાય.
આ શું જુલ્મ, જગતમા છવાયો,
સ્વ ધર્મ હીંદુએ ગુમાવ્યો,
અરે કલીયુગ, હડાબોળ આવ્યો,
હાહાકાર જગતમા, ફેલાયો રે-હાય.
સમજો હીંદુ ભાઈ, ગુણુ જ્ઞાની,
બનો સ્વધર્મ, તણા અભીમાની,
કેમ બનો છો, અધ બે ફાની,
કવી "**શામ**" તણી શીખ લ્યો માની રે-હાય.

[કર્તા "**શામ**" કવી]

॥ ૐ ॥

શૃંગારનો ઝરો યાને ફેશનનો ફુવારો.

ભાગ ૨ જો.

[કવ્વાલી.]

શોખના શહેરમા ફરવા, જમાનો શુ મચેલો છે;
અલૌકીક સુખ ભોગવવા, બગીચો આ રચેલો છે !
બની દેવાગના તુલે, નીરખીને આપથી ફુલે,
જોબનના રંગમા ઝુલે, બગીચો આ રચેલો છે !
પોશાક વિધવિધના રંગમા, ચડત એક એકથી ઢંગમાં.
સરખી સાહેલીઓ સંગમા, બગીચો આ રચેલો છે !
બદન ચમકાવીને કસતી, ગલામા મદમદ હસતી;
ફેશનના ફેલમાં ફસતી, બગીચો આ રચેલો છે !
પાનની પટીઓ ચાવે, રોલ ગોલ ચશમા લગાવે,
હાથમાં છત્રી સોહાવે, બગીચો આ રચેલો છે !
ઇંગલીશ બુટ લેડીના, ચમકતા ઉંચી એડીના;
હસ્તપર ચટકાં મેદીનાં, બગીચો આ રચેલો છે !

ફરે બગીચા તથા વાડી, બેસી મોટર અને ગાડી;
આકાશની પરીઓની જોડી, બગીચો આ રચેલો છે!
સજોડા સાથમાં ફરવા, લાજથી લેશ ના ડરવા;
પુરી સ્વતંત્ર આચરવા, બગીચો આ રચેલો છે!
પતીને નખરે નચાવે, લટકના ચટકા બતલાવે;
શૃંગારના ઝરણા વરસાવે, બગીચો આ રચેલો છે!
સ્રીં રસ પ્યારમા ઝુલાવે, હૃદયના દુઃખ ભૂલાવે,
અમ્રતની પ્યાલી પીવરાવે, બગીચો આ રચેલો છે!
ધન્ય ધન્ય સ્રીની ચાતુરી, ગલે ભલે લાગતી છૂરી;
મીલાવો મન માનતી નારી, બગીચો આ રચેલો છે!
બનો સૌ નાર સુધરેલી, પ્રયાસ હ્યો મટવાને ઘેલી;
શોભો જ્યમ કુમળી વેલી, બગીચો આ રચેલો છે!
કૃપા શંભૂ તમો કરજો, સુધરેલી નાર સૌ બનજો;
આશીરવાદ 'શામ' નો લેજો, બગીચો આ રચેલો છે!

[કર્તા "શામ" કવી.]

॥ ॐ ॥

શેખનો સુધારો યાને આગાખાની વધારો.

(ખ્યાલ.)

હાય હાયરે ગજબ થયો, શો જુલ્મ સુરતમાં વરતાયો;
ઘરો ઘરને જગો જગોપર, શોક મહા છે પ્રગટાયો!
ઊચ જ્ઞાતીમાં જન્મ ધરીને, સ્વધર્મને તો અપમાની;
મૂળ ધર્મ હીંદુનો તજીને, ચહે ધર્મ આગાખાની!
ઊચ જ્ઞાતી અને ઊચ કુળ, વળી ઉચ કુટુંબ છે ખાનદાની;
પણ વ્રતી નીચને નીચ ભાવના, નીચ તરંગ ધરે અભીમાની!
હીંદુ શાસ્ત્રના નીયમ પ્રમાણે, વર્ણ અઢાર છે હીંદુના;
તેમા જ્ઞાતી અનેક રહેલી, અલગ અલગ સૌ બીંદુના!
બ્રાહ્મણ તે બ્રહ્માનુ રૂપ છે, ઉત્તમ જ્ઞાતી નીર ધારી,
પંડીત શાસ્ત્રી પૂરાણી વળી, વેદ શાસ્ત્રના અધીકારી!
વણીક નામ તે વણજ ઉપરથી, વ્યાપાર સત્યથી કરનારા;
શુભ કાર્યો સદા કરે છે, દુષ્ટ કાર્યથી ડરનારા!
ભાટીયા, લુહાણા, કુણબી, પાટીદાર કોમ ઉચી છે;
લુહાર, સુથાર, કુંભારને, દરજી, કંસારા અને મોચી છે!

ભાટ, ભરવાડ, ચારંન, રબારી, રજપુત કોમ ઉત્તમ માનો;
ગીરાશીયા કાઠી બાબરીયા, હીંદુ ધર્મ સૌનો જાનો!
કોળી, નાળી, અને પંચોળી, અનેક જ્ઞાતી દરશાવી;
પોતપોતાનો ધર્મ પાળવો, જે જ્ઞાતી ઈશ્વરે સરજાવી!
તેમાં ફાંટા અનેક રહ્યા છે, ધર્મ હીંદુનો બહોળો છે;
કોઈ દેવી કોઇ બજરંગી, કોઈ અંબે ભજવા ભોળે છે!
કોઈ કાળીકા કોઈ બૌચરાજી, કોઈ ભૂત ભૈરવ સાધે;
કોઈ રામ વળી કોઇ વિશ્વભર, ભજે કો ક્રીશ્ન અને રાધે!
કોઈ આદેશર કોઈ મહેશ્વર, અલગ અલગ શુમરન કરતા;
જેને જેની દ્રઢતા બેસે, તેનું ધ્યાન તેઓ ધરતા!
મોટા પંથ તો બેજ રહ્યા છે, "રાહ" અને એક "રહેમાની;"
"રાહ" કહેતાં હીંદુ ધર્મ છે, "રહેમાની" તે મુસલમાની!
ધર્મ નામનો અર્થ સમજવો, પછી ધર્મ ધારણ કરવો;
સાર અસાર વિચાર કરીને, પછી મનમાં તે દ્રઢ ધરવો!
દેવ તણા અનેક નામો છે, દીલ પોતાનું જ્યા માને;
પણ હીંદુને હીંદુ ધર્મમાં, મુસલમીન સૌ મૌલાને!
ઈશ્વરને જે ઠીક લાગ્યુ છે, તે જ્ઞાતીમા જન્મ થયો;
તો પછી તેમા દ્રઢ રહીને, ધર્મ પાળી સંતોશ લીયો!

ઈશ્વરનો અપરાધી થઈને, પાપ સાગરમાં ગોથાં મારે !
હીંદુ શીટી મુસલમીંન થાયે, મુસલમીંન હિંદુનાજ બને;
તો જ્ઞાન ધરીને સમજો શાંણા, વિચારો કંઈ શાંન્તપણે !
ઉંચ કુળને ઉંચ જ્ઞાતી વળી, ઉંચ કુટુંબ છે ખાનદાની,
નીચ ભાવના ધારી બેઠા, શર્મ છોડી થઇ અભીમાની !
ઉતમ દેહ આ હીંદુ ધર્મમા, પૂર્વ પૂન્યથી પામીને,
મલેલ મણીને ગુમાવી દેવા, કા ધરો વ્રતી હરામીને !
આ સુરત સુંદર શાહેરના માહે, અનેક ગ્રહસ્થ વસેલા છે,
ધર્મ ભ્રષ્ટ બનવા નહિ દેવા, મહેનતથી મચેલા છે !
છતા નહીં કંઈ કાને ધરતા, મગરૂર મોજ ઉડાવી છે,
હાય હાયરે ધર્મ ગુમાવી, જીંદગી કુપ ડુબાવી છે !
માત તાતને ભ્રાત બેહેન વળી, સગા કુટુંબ સો તજી દીધા,
સ્ત્રી બાળકને જ્ઞાત જાતને, મૂર્ખ બની અલગ કીધા !
નામ હીંદુના અસલ તજીને, નવા નામ લીધા ધારી,
સ્ત્રીયો પણ કોઈ કોઈ ભોળવાઈ, સાથે ઉતરી બીચારી !
ધોતી ડગલા પાઘડી બદીયન, નાખ્યા સરવે ઉતારી
ઈજાર [illegible]
સ્ત્રીયે સાડલા ચોળી કાડી, ચુનરી મૂકી છોડી છે,
ઈજાર ઉપર આભો પહેરી, બીબી થઈને બેઠી છે !

પહેલે હુતાં શેઠ શેઠાણી, હવે થયાં મીયાં બીબી,
પહેલાં મૂખે રામ બોલતાં, હવે બોલશે યા નબી।
ક્રીશ્ન ધામ સમ મંદીર માંહે, ઈશ્વર દર્શન કરવાને,
તજી તેહને બીસ્તરો લેઇને, નીમાજ મસીદમાં પડવાને।
ગુલામઅલી મહમદઅલી, નામ નવા ધરાવ્યાં છે,
હૈદરઅલી અકબરઅલી, મન ગમતાં ઠરાવ્યાં છે।
મરીયમ ફાતમાં અને શકીનાં, સ્રીયો નામ ધરાવે છે,
એક અવતારમાં દ્વી અવતારી, અંધ બની ઠરાવે છે।
હીંદુ થઈ મુસલમીન બને પણ, બતાવો કોઈ એવી વાતો,
હવે પછી કે પૂર્વ કાલમાં, મુસલમીન હીંદુ થાતો।
તો જુવો જરી કઇ આંખ ખોલીને, રદય વિષે કંઇ વિચારો,
ઉંચ ફીટી કદી નીચ બને પણ, નીચ ઉંચ નહી બનનારો।
જ્યમ જંગલ કેરો રાજા કેશરી, અતી ભૂખથી પીડાયે,
માસ ખટની લાંઘણ થાયે તો, તુર્ણ કદી તે નહીં ખાયે!
હંશ કદીજો અખાજ ખાય તો, હંસ તેને કોઈ ના કહેશે,
હંશ ટોળામાં કાગ રહે પણ કાગ હંશ કદી નહીં બનશે।
ધર્મ ફલાણો ખોટો છે, અને ધર્મ ફલાણો સાચો છે;
તેવી સમજ વાલા અજ્ઞાની, જ્ઞાન શક્તીમાં કાચો છે।
સર્વે ધર્મ સાચા જાણો, ના માનો જુઠો એક છે,

શુદ્ધ નીખાલશ પવિત્ર દીલમાં, સાચી ફક્ત ટેકજ છે!
ટેક ના છોડે શીર જાય તો, ધર્મ મહીં મશગુલ રહે;
છોડે નહીં કદી પ્રાણુ જાય તો, ભલે દુનીયાં અપકીર્તી કહે!
પણ મૂળ ધર્મ જે હોય પોતાનો, તેજ ધરમ વિશે રહીને;
સ્વધર્મ છોડે તો પ્રભૂ કોપે છે, પડે નર્ક પાપી થઈને!
સ્વર્ગ મહીં નહીં સંગરે તેને, ધર્મ પાપી તેને જાણી;
મુસલમાન જીન્નતમાં ના રાખે, કારણુ થયો બે ઈમાની!
હીંદુ ધર્મમાં હલકા પડતાં, મુસલમાન પણ હલકા માને;
ધર્મ ભ્રષ્ટ કર્યો તે માટે, મહેણા દેઇ કદી અપમાને!
હીંદ તણી જે ગતી મદ છે, કારણુ તેનું શું જાણ્યું;
ઇરિશા અને અદેખાઈ દીસે વળી, કુસંપ કારણુ પરમાણ્યું!
ધર્મ અભીમાન દેશાઅભીમાન, આ દેશમાં ના જોયું;
અવર સુખને દેખી શકે નહીં, ગર્વ મહીં સૌ ગુમાવ્યું!
આળશ હીંદમા દીસે જાજું, હુન્નર છતા ના અજમાવે;
કદી કોઈ જો તતબર થાય તો, અવલું સમજાવી અટકાવે!
હાય જાણે તે પેદા કરશે, અમોથી સારો કહેવાશે;
મદદ કરવી અલગ રહી પણ, તોડવાને તતબર થાશે!
આ કારણથી હીંદ તણી તો, દશા ઘણી છે હીંન ભાગી;
[illegible] ભાગી!

ગ્રહસ્થ ઘણા છે હીંદ મહીં પણ, આપ મતલબમાં લીન ફરે;
કદી કોઈ સારો નીકળે તો, આગળ થઈ નહીં મદદ કરે!
હીંદ મહીં સૌ વસતા બંધુ, ધરો હીંમત સૌ સંપીને,
ધર્મ તથા દેશ હીતના માટે, ગાજી ઉઠો સૌ કંપીને!
સમજો શાંણા હીંદુ બંધુઓ, ધર્મ ખૂવો કાં અંધ બની,
મૂળ ધર્મ હીંદુનો તજીને, કયમ ચહો ધર્મ આગાખાની!
ઉત્તમ દેહ પવિત્ર આતમાને, ભ્રષ્ટ કરવા શુ ધારો,
સુધારાને છેટો મૂકી, ધૂળ કરો કા જનમારો!
મુસલમાની ધર્મજ જે છે, ના જાણો તે ખોટો છે,
હીંદુ ધર્મ હરીફાઇની સામે, તે ધર્મ પણ મોટો છે!
હીંદુ મુસલમાની બેમાં, પાળો ધર્મ જે મનમાને,
પરંતુ તેમાં દ્રઢતા રાખી, પકડો નહીં કોઈ બીજાને!
મુસલમાની નીચ ના સમજો, હીંદુ ના ઉત્તમ જાણો;
ધર્મ સર્વ સમાન માનો, ઉચ નીચના પરમાણો!
સારો બુરો ધર્મ માનવો, અજ્ઞાનતા છે એજ ખરી;
દ્રઢવ્રતીથી લીન બનીને, મન રાખો મજબુત કરી!
દરેક કાર્યમા દ્રઢવ્રતીથી, કાર્ય પાર સૌ ઉતરાશો;
બીન વિશ્વાસ નહીં દ્રઢ મનતે, સાગરમહીં ગોથા ખાશો!
કાર્ય ચાહે કોઈ કરવા ધારો, દ્રઢ નિશ્ચય પહેલો ધરજો;

નેક ટેક ને ચીત એકથી, તન મન ધન અરપણ કરજો!
છોડો નહી કદી શીર જાય તો, લાભ બીજામા બહુ દેખો;
આરંભેલુ પાર ઉતારો, તુચ્છ સમાન અવર પેખો!
સજન શાણા સર્વ બંધુઓ, હીંદમહી સૌ વસનારા;
વીદ્યાવત છો જ્ઞાનવત, વળી દેશ વિદેશે ફરનારા!
હીંમત ધારી ધરી હુશીયારી, હીંદ બનાવો સ્વભાગી;
આળસ ત્યાગી ઉંઘથી જાગી, અજ્ઞાનતા મૂકી આઘી!
બ્રિટીશનુ જ્યા રાજ્ય તપે છે, તે રૈયતને દુઃખ નથી;
રાજ્ય અમર બ્રીટીશનું બનવા, આશીષ આપો રદય થકી!
જયજયકાર બ્રિટીશનો બનજો, પ્રભૂ સહાય સદા કરજો;
આશીશ "શામ" તણી સ્વીકારી, ઈશ્વિર સ્તુતિ મન ધરજો!

[કર્તા. "શામ" કવિ.]

॥ ૐ ॥

જમાનાનો જલસો.

[કુવાલી]

જમાના જાય છે ન્યારા,' જીવંન અંતે જવાનુ છે,
દીઠા દુનિયાંના રંગ સારા, સારથક શું થવાનુ છે !

જનમીયા ગ્રહસ્થના ઘરમા, ઉછરીયા લાડથી ઝરમા,
મળી સુખ સંપતી સરવે, સારથક શુ થવાનુ છે !

થયા ધનવાંન બહુ નાંમી, દેશાવર કીર્તિ છે જામી,
ર્ક્યાંના કાંમ ઉપકારી, સારથક શું થવાનું છે !

નામીચા શેઠ થઈ ફરતા, વેપારો વહાણના કરતા,
રૂપૈયા લાખો મેળવીયા, સારથક શુ થવાનુ છે !

પૂર્યા બગીચા તથા વાડી, બેસી મોટર અને ગાડી,
સાથે સુંદરીને સોહાવી, સારથક શુ થવાનુ છે !

પાડી તસ્વીર ચીત્રોમા, મેળવીયું માન મીત્રોમા,
દુનિયાંને આ દેખાડી, સારથક શું થવાનું છે !

શહા મોજ શોખ [illegible]ના, જમણુ ભાત ભાતનાં જમતાં,

બનવાથી અંધ બે જ્ઞાની, સારથક શું થવાનું છે!
સુણો સૌ શેઠીયા શાણા, પ્રભૂએ આપ્યાં છે નાંણાં;
છતાં વાપરતા નવ જાણ્યા, સારથક શું થવાનું છે!
નચાવી નાયકા રાંણી, કીધી બક્ષીશ મોજ આંણી;
કરી ટી પારટી મંડળી, સારથક શું થવાનું છે!
હીરા માણેક મોતી લીધા, દાગીના વિધ વિધના કીધા;
પહેરી શું દીરતા શોભાવી, સારથક શું થવાનું છે!
ડ્રેસ વિધ વિધના કરતા, સજોડા સાથમાં ફરતા;
લાજના લેશ મન ધરતા, સારથક શું થવાનું છે!
બની માયાના અહંકારી, કરે પૈસાની ખુવારી;
કરશેના કામ ઉપકારી. સારથક શું થવાનું છે!
કહે કવી "શાંમ" સદપ્રિતે, ગ્રહો ગુણ ચીત શુભ રીતે;
કરવાથી કામ ઉપકારી, સારથક તો થવાનું છે!

(કર્તા "શામ" કવી)

સમાપ્ત.

આ શિવાય બીજા અનેક રસ શ્રુંગારથી ભરપુર કાવ્યો તથા પુસ્તકો તથા નોવેલો ઘણીજ રશમય વાર્તાઓ તથા ટુચકાઓ બનાવી વેચવામા આવેછે તથા નાટકના ખેલો પણ રચી આપવામા આવેછે; પુસ્તકો તથા કાવ્યો દરેક બુકસેલરો ... મળશે ખરીદતાં પહેલાં કર્તાનુ નામ વાચવુ